Date :- 06-07-2025
Sandesh, Page-ii, Surat





છેલ્લાં કેટલાંય સમયથી ચાલતી મેટ્રોની કામગીરીને કારણે લોકોને ભારે પરેશાની થઈ રહી છે અલથાણ ડેપોથી અલથાણ ગામ વચ્ચે મેટ્રો દોડાવવા માટે ટ્રેક નાંખવાની કામગીરી પુરી કરી દેવામાં આવી છે. જ્યારે ડિસેમ્બર સુધીમાં શહેરના અલથાણથી ડ્રીમસિટી સુધી મેટ્રો દોડાવવા માટેની તૈયારીઓ પુરજોશમાં કરવામાં આવી રહી છે. (નિર્ભય કાપડિયા)

### આગામી દિવસોમાં સુરત ડાયમંડ બુર્સથી સોહમ સર્કલ નજીક સુધી ટ્રેક નખાશે

# અલથાણમાં ૭૫૦ મીટરમાં મેટ્રોના ટ્રેક નંખાયા

## વર્ષના અંત સુધીમાં સુરત ડાયમંડ બુર્સથી અલથાણ વચ્ચે મેટ્રો દોડાવવા માટે તડામાર તૈયારી

। સુરત ।

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા સુરતમાં મેટ્રો ટ્રેન પ્રોજેક્ટને ઝડપથી પૂર્ણ કરવા માટેના તમામ પ્રયાસો જારી છે અને કેટલાક સ્થળો પર મોટાભાગનું કામ પૂરું થઈ જતા અલથાણ ડેપોથી અલથાણ ગામ વચ્ચે તમામ કાર્યો પૂરા થઈ જતા ટ્રેક નાખવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ૭૫૦ મીટર સુધી ડબલ લાઈન ટ્રેકનું કામ પૂરું થઈ જતા હવે સુરત ડાયમંડ બુર્સથી સોહમ સર્કલ સુધી ટ્રેક નાખવા માટેની કામગીરી શરૂ કરવામાં આવશે. એવી સંભાવના છે કે આ વર્ષના અંત સુધીમાં સુરત ડાયમંડ બુર્સથી અલથાણની વચ્ચે મેટ્રો ટ્રેન દોડાવવાની શરૂઆત થઈ જશે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા સુરતમાં આશરે ૧૨ હજાર કરોડ રૂપિયાના ખર્ચે બે રૂટ પર આશરે ૪૦ કિમી સુધી બનાવવામાં આવી રહેલા મેટ્રો પ્રોજેક્ટનું આશરે ૭૫ ટકા જેટલું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. શહેરીજનો પણ મેટ્રોની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે ત્યારે કામને વધુ ઝડપી પૂર્ણ કરવા માટે ટ્રેક બિછાવવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં અલથાણ ડેપોથી અલથાણ ગામ વચ્ચે ૭૫૦ મીટર પર ડબલ લાઈન ટ્રેકનું કામ પૂરું કરવામાં આવ્યું છે. મેટ્રોની શરૂ થતા સુરતીઓને સસ્તાદરે ટ્રાન્સપોર્ટેશન માટેનો નવો વિકલ્પ મળશે. ચાલુ વર્ષના અંત સુધીમાં સુરત ડાયમંડ બુર્સથી અલથાણ વચ્ચે મેટ્રો દોડાવવા માટે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

મેટ્રો ટ્રેન માટે પણ ઓર્ડર અપાઈ ગયા છે અને આવનારા દિવસોમાં તે ઉપલબ્ધ પણ થઈ જશે. સુરતમાં પણ અમદાવાદની જેમ જ ત્રણ કોચ રહેશે. જેમાં કુલ ૭૬૪ યાત્રીઓ એક સાથે યાત્રા કરી શકશે.

### મસ્કતિ હોસ્પિટલથી ચોક વચ્ચે એક ટનલનું કામ ઓગસ્ટમાં પૂરું થશે

મેટ્રો પ્રોજેક્ટના કોરિડોર-૨ એટલે કે સરથાણાથી ડ્રીમ સિટી વચ્ચે કુલ ૬.૪ કિમી જેટલો વિસ્તાર અંડરગ્રાઉન્ડ છે. જે પૈકી હાલ મસ્કતિ હોસ્પિટલથી ચોક વચ્ચે ટનલ બોરિંગ મશીન દ્વારા ખોદકામ ચાલુ છે. બે ટીબીએમ મશીનો દ્વારા અપ અને ડાઉન લાઇન પર કામ કરવામાં આવી રહ્યું છે. જે પૈકી એક મશીન ૨૦૦થી ૩૦૦ મીટર દૂરી પર છે. જે ઓગસ્ટમાં બહાર નીકળે તેવી શક્યતા છે જ્યારે બીજી મશીન ૧.૨ કિમી દૂર હોવાથી તે ડિસેમ્બર મહિનામાં બહાર નીકળે તેવી ગણતરી છે.